# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

ફોન : ૦૨૬૩૭-૨૮૨૦૨૬, ફેક્ષ નં. ૦૨૬૩૭-૨૮૨૭૦૬, E-mail : dee@nau.in, Website : www.nau.in


## પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના વડાઓને જણાવવાનું કે, યુનિવર્સિટી હેઠળ કાર્યરત વિવિધ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કેન્દ્રો દ્વારા કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) તૈયાર કરાવવાની કામગીરી યોગ્ય અને સક્ષમ પાર્ટી પાસેથી સ્પર્ધાત્મક ભાવે થઇ શકે તે માટે અત્રેની કચેરી દ્વારા ઇ-ટેન્ડર મારફતે ભાવપત્રકો મંગાવવાની કાર્યવાહી હાથ ધરેલ હતી. આ અંગે યુનિવર્સિટીની ટેન્ડર સમિતીના સભ્યોએ “Digital Agri Media, 605, Shalin Complex, Sector-11, Gandhinagar” (મો.નં.૯૪૨૭૦૫૦૭૩૩) ના ભાવો નીચે મુજબ મંજૂર કરેલ છે. સદરહુ ભાવો તા.૨૦/૦૭/૨૦૧૬ સુધી અમલમાં રહેશે.

| S.N. | Item | No. | Rate (Rupees) |
|---|---|---|---|
| 1. | Making of “Video Film (Documentary) Related to Agriculture and allied fields” Up to 20 Minutes (Including all taxes) | 1 | 85,000.00 |
| 2. | Making of “Video Film (Documentary) Related to Agriculture and allied fields” 20 to 30 Minutes (Including all taxes) | 1 | 95,000.00 |
| 3. | Making of “Video Film (Documentary) Related to Agriculture and allied fields” More than 30 Minutes (Including all taxes) | 1 | 1,00,000.00 |
| 4. | One VCD copy of final VideoFilm (Documentary) Related to Agriculture and allied fields" With cover and sticker (including all taxes) | 1 | 25.00 |
| 5. | One VCD copy of readymade agricultural film produced by party. With cover and sticker (including all taxes) | 1 | 105.00 |

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના વડાઓ આ સાથે સામેલ કરેલ શરતો અને બોલીઓને ધ્યાને લઇને ઉપરોક્ત દર્શાવેલ મંજૂર થયેલ ભાવોથી પાર્ટીનો બારોબાર સંપર્ક કરીને કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી) તૈયાર કરાવવાની કામગીરી કરાવી શકશે.

ઉપરોક્ત પરિપત્ર માનનીય કુલપતિશ્રીની મંજૂરી મેળવીને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં. વિશિનિ/ટી-૨/વેબ-૪૫/૨૦૧૪
નવસારી તા.૦૭/૧૧/૨૦૧૪

વિસ્તરણ શિક્ષણ નિયામક

# વિડીયો ફિલ્મ તૈયાર કરવાની શરતો અને બોલીઓ

૧. પાર્ટીએ કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) તૈયાર કરવાની કામગીરી નવસારી કૃષિ યુનિવર્સિટીના વિવિધ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કેન્દ્રો/વિભાગો માટે તેમજ કૃષિ મહોત્સવ અંતર્ગત કરવાની રહેશે.

૨. પાર્ટીએ કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) માટેની સ્ક્રીપ્ટ જે તે સંબધિત કચેરીના વડા પાસે અગાઉથી મંજૂર કરાવવાની રહેશે અને તેઓની સૂચનાનુસાર જરૂરી સુધારા વધારા કરીને નિર્માણ કાર્ય શરૂ કરવાનું રહેશે.

૩. કૃષિ મહોત્સવ દરમ્યાન વીસીડીની નકલોની સંખ્યા સામાન્ય રીતે વધુ હોય છે પરંતુ વિવિધ સંશોધન કેન્દ્રો/ વિભાગો દ્વારા નકલોની સંખ્યા તેઓની જરૂરીયાત મુજબ ઓછી પણ હોઈ શકે છે.

૪. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) ટેલીવીઝન ઉપરથી પ્રસારીત કરી શકાય તેવા ડીજીટલ ફોર્મેટમાં બનાવવાની રહેશે. વીસીડીની ફાઈનલ માસ્ટરકોપી ડીવીસી અથવા ડીવીસી પ્રો માં આપવાની રહેશે અને સાથે ડીવીડી પાંચ કોપીમાં તેમજ મીનીડીવીડી એક કોપીમાં આપવાની રહેશે.

૫. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) જરૂરીયાત મુજબ સ્થાનિક બોલીમાં ગુજરાતી, હિન્દી તથા જરૂર જણાય ત્યાં અંગ્રેજી ભાષામાં તૈયાર કરવાની રહેશે. જરૂર પડે તો સ્થાનિક ખેડૂત ભાઈઓ/બહેનોના અવાજનો ઉપયોગ કરીને ડબીંગ કરવાનું રહેશે.

૬. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) તૈયાર થયા બાદ સંબધિત કચેરીના વડા સમક્ષ રજૂ કરી તેમના સૂચનો મુજબ સુધારા વધારા કરવાના રહેશે. વીસીડીની વધારાની નકલો કચેરીના વડા જણાવે તેટલી સંખ્યામાં તૈયાર કરી આપવાની રહેશે.

૭. વિડીયો ફિલ્મ બનાવવાની કામગીરી સમયમર્યાદામાં પુરી કરવામાં નહીં આવે તો યુનિવર્સિટી દ્વારા નિયુકત કમિટીના સભ્યો જે દંડનાત્મક રકમ નકકી કરે તે કુલ બીલમાંથી કાપીને આખરી ચૂકવણું કરવામાં આવશે.

૮. વિડીયો ફિલ્મની ઓડિયો અને/અથવા વિડીયોની ગુણવત્તા નબળી જણાશે તો યુનિવર્સિટીની નિયુકત કમિટીની સૂચના મુજબ પરફોર્મન્સ ગેરંટીના નાણા જપ્ત કરવામાં આવશે.

૯. તૈયાર થનાર કૃષિલક્ષી વિડીયો ફિલ્મમાં (દસ્તાવેજી ચિત્ર)માં કોઈપણ પ્રકારની વ્યવસાયિક જાહેરાતો તેમજ નિર્માતાની પોતાની સંસ્થાની જાહેરાત દર્શાવી શકાશે નહી.

૧૦. તૈયાર થનાર કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર)ના તમામ કોપી રાઈટ તેમજ માલિકી હકકો નવસારી કૃષિ યુનિવર્સિટીના રહેશે.

૧૧. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) માટે કોઈ એડવાન્સ નાણાં આપવામાં આવશે નહી.

૧૨. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) તૈયાર કરવાના તમામ તબકકાની કામગીરીની તમામ જવાબદારી નિર્માતાની રહેશે અને યુનિવર્સિટી તરફથી તાંત્રિક માર્ગદર્શન સિવાય અન્ય કોઈ સગવડો/સવલતો જેવી કે કેમેરો, વાહન, હેલ્પર, રહેવા–જમવાની વ્યવસ્થા વગેરે પુરી પાડવામાં આવશે નહી.

૧૩. કામગીરી પૂર્ણ થયેથી જે તે વિભાગના વડા જણાવે તે નામનું બીલ ત્રણ નકલમાં આપવાનું રહેશે.

સ્થળ : નવસારી
તારીખ : ૦૭/૧૧/૨૦૧૪

વિસ્તરણ શિક્ષણ નિયામક